# ચૂંટણી છે પણ માહોલ નથી..!!

## ચૂંટણી બંધ રહેવાની ગરમા ગરમ અફવાઓ હોવા છતાં ચૂંટણી યોજવા તંત્ર મક્કમ : સેક્ટરે સેક્ટરે માંડવા રોપાયા છે પરંતુ હજુ ભીડ જામતી નથી : નેતાઓ સિવાય કાર્યકરોમાં અને સામાન્ય મતદારોમાં કોરોનાનો ડર છવાયેલો છે


**મહાનગરનો મહાજંગ**

કોરોનાના કાળા ભમ્મર પડછાયાની વચ્ચે મહાનગરનો મહાજંગ છેડાઈ ચુક્યો છે. બન્ને પક્ષોએ પોત-પોતાના સૈન્યને લડવા માટે ગોઠવી દીધા છે. ક્યાંક ક્યાંક દેકારા પડકારા છે તો ક્યાંક છાની-છપની રમતો ચાલે છે. ક્યાંક આપવાની તો ક્યાંક કાપવાની ભલામણો છે. પત્રિકાઓ ઘેર-ઘેર વહેંચાઈ રહી છે. ઉમેદવારો પણ ડોર ટુ ડોર પ્રચારમાં પરસેવો પાડી રહ્યો છે. કોરોનાના કારણે પ્રચારકોની સંખ્યા આંગળીના વેઢે ગણી શકાય એટલી જ હોય છે..! કોરોનાની ધાકના કારણે મતદારો પણ ઝાંપાની બહાર નીકળ્યા નથી અને પ્રચારકો ઝાંપો ખોલવાની હિંમત નથી કરતા..! આજકાલ તો શહેરમાં દર આઠ ઘર બાદ એક કોરનાગ્રસ્ત પરિવાર છે, એટલે સૌને ચિંતા છે કે ક્યાંક પ્રચાર કે કોરોનાના સુપર સ્પ્રેડર તો નહીં બને...?! વોર્ડ નં. ૧૦ ના ઉમેદવાર તો કોરોનાથી સંક્રમિત થયા જ છે અને હજી ૧૮મી સુધીમાં કેટલાં સંક્રમિત થશે એ તો ભગવાન જાણે..! ના થાય તેવી પ્રાર્થના..! અને સાવચેતીની અપીલ પણ..! પરંતુ આ ચૂંટણી કોયડારૂપ છે. દરેક ઉમેદવારને પક્ષના આંતરિક વિરોધનો સામનો કરવાનો છે. સ્પર્ધક ઉમેદવારોને ઉમેદવારોનો સામનો કરવાનો છે અને કોરોના મહામારીના માહોલનો સંયમપૂર્વક સામનો કરવાનો છે. અત્યારે તો એવુ ચોક્કસ માની શકાય કે મતદાન ૩૦-૩૨ ટકાથી વધારે થવાની આશા નથી. કોરોનાના કારણે સમર્થક પરિવારો સિવાય સામાન્ય મતદાર કેટલા મતદાન કરશે તે મુંઝવણ મોટી છે અને આગામી પંદર દિવસમાં પરિસ્થિતિ કેવી અને કેટલી ગંભીર બને છે તેના પર પણ આધાર છે. ચૂંટણી મોકુફ રાખવાની અફવાઓ જોરદાર રીતે ચાલે છે પણ સરકારી સુત્રો મુજબ ચૂંટણી પ્રક્રિયા એક વખત શરૂ થાય પછી મોકુફ રખાતી નથી એવું ચૂંટણી પંચ માને છે. પરંતુ અસાધારણ સંજોગોમાં સરકારે અને પંચે વિચારવું જોઈએ એવું સમાજનું માનવુ છે.

અફવા બજારની ગરમા ગરમી વચ્ચે અત્યારે તો સેક્ટરે સેક્ટરે માંડવા રોપાઈ ગયા છે. કયા મંડપમાં કેટલી ભીડ છે એના પર હાર-જીતના સમીકરણો ચર્ચાઈ રહ્યા છે. અરે..! કોનો મંડપ કેટલો મોટો છે એની પણ ચર્ચાઓ છે. શહેરમાં એક ચૂંટણીનો ડોમ એરકુલર સાથે તૈયાર થઈ રહ્યો છે. નવા ઉમેરાયેલા ગ્રામીણ વિસ્તારોમાં પહેલી વખતની ચૂંટણી હોવાથી ચવાણા-ભજીયાની જયાફત જામવા માંડી છે. રાત્રી બેઠકોનો ધમધમાટ ચોકઠાઓમાં ચાલે છે. ભાજપ દ્વારા ઈન્ફોસીટી ક્લબ ખાતે અલગ-અલગ જ્ઞાતિ સમાજોના નેતાઓ સાથે મેરોથોન મીટીંગો ચાલે છે. કોરોનાની ગંભીર સ્થિતિમાં મીટીંગો ના યોજવી જોઈએ તેવો ગણગણાટ પણ ચાલે છે. મંગળવારે શહેરના તમામ વોર્ડમાં ભાજપના મોટા મોટા નેતાઓ પ્રચાર માટે ઉતરી પડ્યા હતા અને ફિક્કી હાજરી વચ્ચે સંબોધનો થયા હતા. જો કે 'આપ' અને કોંગ્રેસ પણ વ્યૂહાત્મક રીતે ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યાં છે. કેટલાક સ્થાનો પર કોંગ્રેસને કાર્યકરોની ખેંચ છે તો આમ આદમી પાર્ટીને ફંડની ખેંચ છે. ભાજપ પાસે બન્ને છલોછલ છે. પરંતુ ભાજપમાં પણ ગણગણાટ તો છે જ. અગાઉની બે ચૂંટણીઓની જેમ એક-બે બેઠકોનું છેટુ ના રહી જાય..!! કેટલાંય અસંતુષ્ટો મોં બતાવવા ભાજપમાં આવે છે પણ હજુ ઉમેદવારોને વિશ્વાસ પડતો હોય તેમ લાગતુ નથી. અગાઉ જે નડ્યા છે એમને નડવામાં કોઈ ગુનો નથી એવું કેટલાંક અસંતુષ્ટો ખુલ્લેઆમ ચર્ચે છે. અગાઉ જેમ કોંગ્રેસ જ કોંગ્રેસને હરાવી શકતી હતી એમ ભાજપ જ ભાજપને હરાવી શકે તેમ તો નહીં કહીએ પણ પજવી ચોક્કસ શકે..!! આજના દિવસમાં ચૂંટણીનો માહોલ ઉભો કરવાની સૌની મથામણ છતાં કોઈ પ્રકારનો માહોલ ઉભો થયો નથી. અત્યારે તો માત્ર અને માત્ર કોરોનાની ચર્ચાઓ જ ઠેર ઠેર છે અને જો માહોલ નહીં થાય તો મતદાન એકદમ નબળુ થશે તેમ માનવામાં કોઈ અતિશયોક્તિ નથી.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



હું હજુ એમ જ કહું છું કોરોનાથી ડરવાની જરૂર નથી.... ઘરમાં છુપાઈને રહો....!!

## વોર્ડ નં.૭માં કોંગ્રેસના ચુંટણી કાર્યાલયનું ઉદઘાટન



ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડનં. ૭માં આજે કોંગ્રેસની પેનલ દ્વારા વાવોલ અને કોલવડા ખાતે ચુંટણી કાર્યાલયોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સાંજના સમયે યોજાયેલા આ કાર્યક્રમોમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશ પ્રવકતા જયરાજસિંહ પરમાર, નવા વરાયેલા શહેર કોંગ્રેસ સમિતિના ઈન્ચાર્જ પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા, ભાવનગરના પ્રભારી અજિતસિંહ વઘેલા, પૂર્વ ધારાસભ્ય પોપટલાલ પટેલ, યુવરાજસિંહ રાણા ઉપરાંત વાવોલના અગ્રણી વડીલો અમરસિંહ ગોલ, કુબેરસિંહ ગોલ તથા યુથ કોંગ્રેસના મહામંત્રી રાજદીપસિંહ બિહોલા 'રાજા' સહિત વોર્ડનં.૭ના ઉમેદવારો દેવુભા ગોલ, અમરતજી ઠાકોર, ઉષાબેન પટેલ તથા ગીતાબેન વાઘેલા સહિત મહિલા અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર માસ્ક તથા સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવ્યું હતું.

## વોર્ડ નં.૭માં કોંગ્રેસ પ્રદેશ પ્રવકતાએ બેઠકો યોજી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓમાં વોર્ડ નં. ૭ વાવોલ-કોલવડા વોર્ડ નં.૭ના કોંગ્રેસના ઉમેદવારોએ સોસાયટી વિસ્તારોમાં બેઠકોનો દોર આરંભ્યો છે જે અંતર્ગત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા જયરાજસિંહ હતી. આ પ્રસંગે ઉપસ્થિત વોર્ડ નં. ૭ના ઉમેદવારો દેવુભા ગોલ, અમરતજી ઠાકોર તથા અગ્રણીઓ ગીરીશભાઈ પટેલ અને જીતેન્દ્રસિંહ વાઘેલા વગેરેનું પ્રદેશ પ્રવકતા જયરાજસિંહ પરમાર, અરસિંહજી ગોહિલ, યુવરાજસિંહ રાણા તથા યુથ કોંગ્રેસના મહામંત્રી



પરમારે ઉપસ્થિત રહી હરિનગર સોસાયટી તથા શાલીન-૪ એપાર્ટમેન્ટ સહિતની સોસાયટીઓમાં સોસાયટી અગ્રણીઓ સાથે બેઠક યોજી રાજદીપસિંહ બિહોલા સહિત નેતાઓનું શાલીન-૪ એપાર્ટમેન્ટ ખાતે સ્થાનિક રહીશો દ્વારા 'હેપ્પી ચકલી ઘર' આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

## કોરોના સંક્રમણને પગલે ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશને સિલેક્શન ટ્રાયલ્સ મોકુફ રાખ્યો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા તાજેતરમાં આંતર જિલ્લા ક્રિકેટ ટૂર્નામેન્ટ ઉપરાંત અન્ડર-૧૬ તથા અન્ડર-૧૯ કેટેગરીમાં ખેલાડીઓની પસંદગી કરવા માટે સિલેકશન ટ્રાયલ્સનું આયોજન કરવામાં આવ્યું હતુ પરંતુ હાલ શહેરમાં સતત વધેલા કોરોના સંક્રમણને પગલે આ સિલેકશન ટ્રાયલ્સ મુલત્વી રાખવાની એસોસિએશન દ્વારા જાહેરાત કરવામાં આવી છે. જીડીસીએ દ્વારા તા. ૧૦મી એપ્રિલ શનિવાર તથા તા. ૧૧મી એપ્રિલ રવિવારના રોજ યોજવામાં આવેલા આંતર જિલ્લા ક્રિકેટ ટૂર્નામેન્ટ સહિત અન્ડર-૧૬ અને અન્ડર-૧૯ના સિલેક્શન ટ્રાયલ્સ હાલ પુરતા રદ કરવામાં આવ્યા છે ગાંધીનગર સહિત રાજ્યભરમાં વધેલા કોરોના સંક્રમણને પગલે ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## ગાંધીનગર શહેર-જિલ્લામાં બે દિવસમાં માસ્ક વિના ફરતા ૩૬૯ નાગરીકોને પાવતી અપાઈ



ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં વધી રહેલા કોરોના સંક્રમણના કેસને પગલે પોલીસ તંત્ર સક્રિય થઈ ગયું છે. ત્યારે ગતરોજ પોલીસ તંત્ર દ્વારા સવારે તેમજ સાંજે વાહન ચેકીંગ અને માસ્ક વિના ફરતા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના મળતા પોલીસ હરકતમાં આવી ગઈ હતી. ગાંધીનગર જિલ્લા પોલીસે વિવિધ નાકા પોઈન્ટ પર ગતરોજ ૨૫૩ વ્યકિતઓને પાવતી પકડાઈ હતી અને ૮ નાગરીકો સામે જાહેહનામા ભંગ હેઠળ ગુનો નોંધ્યો હતો. જયારે મંગળવારના રોજ સેકટર-૭, સેકટર-૨૧, ઈન્ફોસીટી, ચિલોડા, દહેગામ, મહિલા પોલીસ મથક, પેથાપુર, ડભોડા, અને રખીયાલ સહિતના પોલીસ મથક વિસ્તારમાં માસ્ક વિના ફરતા ૧૧૬ નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરાઈ છે.જયારે ૬ નાગરીકો સામે ૧૮૮ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરાઈ છે. પોલીસે માત્ર બે દિવસમાં વાહન ચેકીંગ અને માસ્ક ડ્રાઈવ હેઠળ ૩.૭૫ લાખની અંદાજીત વસુલાત કરાઈ છે. પોલીસ મેદાને આવતા માસ્ક વિના ફરતા નાગરીકો માસ્ક પહેરીને ફરતા જોવા મળે છે.





ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસની ઉજવણી અવસરે વોર્ડ નં.૭ના કાર્યાલયનો પ્રારંભ મેયર રીટાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો. આગામી મનપાની ચૂંટણી જંગી બહુમતીથી જીતી લેવા કામે લાગી જવા મેયરે કાર્યકરોને આ અવસરે આહ્વાન કર્યું હતું.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરીમાં પંચાયત પ્રમુખશ્રીની કચેરીની બહાર એક મહિના પછી પુનઃ સેનીટાઈઝેશન માટેનું મશીન કાર્યરત કરવામાં આવ્યુ છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં મતદારોને આકર્ષવા માટે ક્યાંક જાદુના પ્રયોગો અને ક્યાંક આનંદના ગરબાનું આયોજન ઉમેદવારો દ્વારા કરવામાં આવી રહ્યું છે.

● પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ગઈકાલે ગાંધીનગર શહેરમાં વિવિધ ગૃપ બેઠકો કરી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખના અંગત મદદનીશ તરીકે વી.ટી. સોનીની નિયુક્તી કરવામાં આવી છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી મુલ્તવી રહેશે કે ચાલુ રહેશે તેની અટકળો આજે રાજ્યની વડી અદાલતના નિર્દેશો પછી લોકજીભે ચર્ચાનો મુદ્દો બની હતી.

● ગરમીનો પ્રકોપ વધતાં ચા ની કીટલીઓ પર ઘરાકી ઘટી છે પણ કોલાઓ પર ઘરાકી વધતી જોવા મળી રહી છે.

● લેન્ડ ગ્રેબિંગ એક્ટની જિલ્લા કક્ષાની સમિતિની આજે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે બેઠક મળશે.

## મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં ડિલેક્સ ગ્રુપ સેટેલાઈટ ગ્રુપ દ્વારા અનાજ કિટ અને ફ્રૂટ વિતરણ કરાયુ

ચિલોડા, તા. ૬

ગાંધીનગર તાલુકાના મગોડી ગામે રાહેલબા વૃધ્ધાશ્રમમાં ડિલેક્સ ગ્રુપ સેટેલાઈટ અમદાવાદ ગ્રુપ દ્વારા સમાજના જરૂરિયાતમંદ



નાગરિકોને અનેક રીતે ઘણીજ સેવાકીય પ્રવૃતિ હાથ ધરી સેવાનું બીડુ ઝડપ્યુ છે. ત્યારે તાલુકાની મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં સંસ્થાના અશક્તો અને વૃધ્ધો માટે અનાજકીટ અને ફ્રૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સ્વ. ચંચીબેન ભીખાભાઈ પટેલ, પૂર્વ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનના માતુશ્રીના સ્મરણાર્થે મનુભાઈ, દશરથભાઈ, નરેન્દ્રભાઈ દ્વારા સંસ્થાના લાભાર્થીઓને પ્રિતિભાવ પ્રાર્થના, શ્રદ્ધા અને આનંદભેર પ્રીતિભોજન પીરસ્યુ હતુ. સ્વ. ચંચીબાના પવિત્ર આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

## સે-૧૬ કેનેરા બેંકના એટીએમ તોડવાનો પ્રયાસ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ સ્થિત કેનેરા બેંકના એટીએમમાંથી રૂપીયા નીકાળવાના ઈરાદાથી એક યુવકે મશીન તોડવાની કોશિશ કરી છે. યુવકે સીસીટીવી કેમેરા, સાયરન, અને એટીએમ મસીનના અંદર તેમજ બહારનુ લોક તોડી દીધુ હતું. પરંતુ એટીએમમાંથી રૂપીયા ન નીકળતા એટીએમ રૂપીયા કાઢવાનો પ્રયાસ નિષ્ફળ નીવડ્યો હતો. જયારે એટીએમ તોડતો યુવક બેંકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે. જયારે સવારે ૬ વાગે એટીએમ તોડવાનો પ્રયાસ કરતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. બેંકના મેનેજરે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદ ચાંદખેડા મહારાજા એન્કલેવ એ-૪૦૧ ખાતે રહેતા ચિરાગ પ્રદિપકુમાર ચૌહાણ (ઉં.૩૩) પરિવાર સાથે રહે છે. ચિરાગ ચૌહાણ સમુધ્ધી બિલ્ડીંગ ખાતે આવેલ કેનેરા બેંક ખાતે સપ્ટેમ્બર ૨૦૨૦ થી બેંક મેનેજર તરીકે ફરજ બજાવે છે. બેંક મેનેજર સવારે નિયત સમયે ઘરેથી બેંક તરફ જવા માટે નીકળ્યા હતા.તે સમયે પોણા દશ વાગે બ્રાન્ચ ઓફિસમાં પટાવાળા તરીકે ફરજ બજાવતો રાકેશ ગુર્જરનો ફોન આવ્યો હતો અને તેણે જણાવ્યું હતુ કે કોઈ શખ્સો આપણા બેંકનું એટીએમ તોડવાનો પ્રયાસ કર્યો છે. જેથી તેઓ તાત્કાલીક બેંક ખાતે પહોંચી ગયા હતા. બેંકના એટીએમ મશીનના બહારનુ તેમજ અંદરનુ લોક તુટેલુ હતું. પરંતુ અંદરનો દરવાજો ના ખુલતા રૂપીયાની ચોરી થઈ ન હતી. એટીએમ મશીનના દરવાજાનું બહારનુ લોક કિ.રૂ.૪૫૦૦, એટીએમના અંદરનુ લોક રૂ.૬૫,૦૦૦ તેમજ સીસીટીવી કેમેરા કિં.૬,૦૦૦, સાયરન કિ.૪,૫૦૦ મળી કુલ રૂ.૮૦,૦૦૦ નુકશાન કર્યુ છે. એટીએમ મશીનમાં લગાવેલા સીસીટીવી કેમેરાનું રેકોડીંગ ઓફિસના કોમ્પ્યુટરમાં જોઈ શકાતુ હોવાથી ચેક કરતા સવારના ૬.૧૫ વાગ્યાના અરસામાં એક યુવક કાળા કલરનો શર્ટ તેમજ પેન્ટ પહેરેલ અંદર પ્રવેશ કરે છે. યુવકે માથા પર ટોપી અને મોં પર માસ્ક પહેર્યુ છે. એટીએમમાં અંદર જઈને કેમેરો તોડી નાંખી બહાર જાય છે, અને એક મીનીટ બાદ ફરી પરત અંદર જાય છે અને સાડા છ વાગે ફરીવાર એટીએમમાંથી બહાર આવતો દેખાય છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૮૦ હજારના નુકશાન અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## પાંચ ગોલ્ડમેડલ્સ જીતનારી નઝર દુરાનીનું જિલ્લા પોલીસ અધિક્ષકે સન્માન કર્યુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પોલીસમાં આસીસ્ટન્ટ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા સજ્જાદ દુરાનીની પુત્રી નઝર દુરાનીએ એમએસસીમાં આંકડાશાસ્ત્ર સાથે અભ્યાસ કરીને ગુજરાત યુનિવર્સિટીમાં પાંચ ગોલ્ડ મેડલ હાંસલ કર્યા છે. તાજેતરમાં યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવેલા પદવીદાન સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા સુપ્રિમ કોર્ટના જસ્ટીસ સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં નઝર દુરાનીને પાંચ ગોલ્ડ મેડલ્સ એનાયત કરાયા હતા.



જેને અનુલક્ષીને જિલ્લા પોલીસ અધિક્ષક મયુરસિંહ ચાવડાએ એએસઆઈ સજ્જાદ દુરાની તથા તેમની દિકરી નઝર દુરાની અને દિકરીની માતા સલ્તનત દુરાનીને જિલ્લા પોલીસ કચેરી ખાતે નિમંત્રીને સન્માનિત કર્યા હતા તથા નઝરને સ્ટેચ્યુ ઓફ યુનિટીનું સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યુ હતુ તેમજ શુભેચ્છાઓ પાઠવી હતી.

## સે-૧૩ ખાતે ભાજપાના વોર્ડનં.૬ના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનો પ્રારંભ



ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે તમામ પક્ષો, ઉમેદવારોએ પ્રચાર પ્રસાર સહિત ચૂંટણીની તૈયારીઓ જોરશોરથી શરૂ કરી છે. સે-૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ફતેપુરા, ગોકુળપુરા અને વાવોલના કેટલાક વિસ્તારને સમાવતા વોર્ડ નં.૬ના ભાજપાના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનો સે-૧૩ ખાતે ભાજપાના અગ્રણીઓ શંભુપ્રસાદ ટુંડીયા, અમિત ઠાકર, ડૉ. પ્રદ્યુમન વાજા, ગૌતમ ગેડીયા, રાજુભાઈ અગોરા સહિત અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. પ્રાસંગિક ઉદબોધનમાં અગ્રણીઓએ તમામ કાર્યકરોને સંગઠનનો પરચો દેખાડી વોર્ડનં. ૬માં કોંગ્રેસની વિજયી પરંપરા તોડી નવો ઈતિહાસ રચવા તથા મતદારોને ભાજપાની પેનલને વિજેતા બનાવવા આહ્વાન કર્યું હતું.



ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીનો પ્રચાર જોરશોરથી આરંભ થઈ ચૂક્યો છે . શહેરના વોર્ડ નંબર ૭માં ચૂંટણી જંગ ખૂબ જ રોચક બન્યો છે ત્યારે વોર્ડ નંબર ૭ના ભાજપના ઉમેદવાર પ્રેમલસિંહ પુંજાજી ગોલે આજે સવારે વાવોલના ૧૦૪ વર્ષીય મહિલા મતદાતા ગજીબા રમતુજી ઠાકોરના ચરણસ્પર્શ કરીને આશીર્વાદ મેળવ્યા બાદ પોતાના પ્રચાર અભિયાનનો શુભારંભ કર્યો હતો.